eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 174
January 02, 2009

## સેન્ટ્રલ ઝોન ની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૧૨ નોંધ નં.૧૫૩૪ શાહપોરવાળી મિલ્કતનાં મિલ્કતદારશ્રી સૈયદ ફકરૂદ્દીન સૈયદ અઝહર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ પાર્કીગવાળા ભાગમાં ચણતરની દિવાલો લઈ રૂમ બનાવવાનું આયોજન કરતાં અત્રેથી પાર્કીગવાળા ભાગની દિવાલો દુર કરી ૫૦૦ ચો.ફુટ પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે. જેના ખર્ચ પેટે રૂા. ૧૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૮ /૧૨/૨૦૦૮ નાં રોજ આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## બાળ લકવા નાબુદી અભિયાન –૨૦૦૮

બાળ લકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશનુસાર સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૧/૧૨/૨૦૦૮ થી તા. ૨૪/૧૨/૨૦૦૮ દરમ્યાન નેશનલ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ –વેસ્ટ (અઠવા)ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારના કાર્યક્ષેત્ર હેઠળના નવા સમાવિષ્ટ વેસુ વિસ્તારમાં ઉધના–મગદલ્લા રોડ ઉપર ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧ (વેસુ), ના ઓ.પી. ૨૧, ના ફાયનલ પ્લોટ નંબર :૨૧ ની પૂર્વે ૧૮ મીટરના ટી.પી. રસ્તાના કપાતમાં આવતી અંદાજે ૨૧૫ ફુટ લંબાઈની કંપાઉન્ડ વોલ સહિત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન ની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૧૨ નોંધ નં.૧૫૩૪ શાહપોરવાળી મિલ્કતનાં મિલ્કતદારશ્રી સૈયદ ફકરૂદ્દીન સૈયદ અઝહર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ પાર્કીગવાળા ભાગમાં ચણતરની દિવાલો લઈ રૂમ બનાવવાનું આયોજન કરતાં અત્રેથી પાર્કીગવાળા ભાગની દિવાલો દુર કરી ૫૦૦ ચો.ફુટ પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે. જેના ખર્ચ પેટે રૂા. ૧૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

સુરત શહેરના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ નીચે મુજબની મિલકતોમાં મંજુર પ્લાન વિરૂધ્ધ /પરવાનગી વિનાના બાંધકામો દૂર કરવામાં આવેલ છે.

(૧) વોર્ડ નં. ૮ નોંધ નં. ૧૭૮૦ વાળી મિલકતમાં પાર્કીગવાળા ભાગમાં ચણતરની દિવાલો લેવાનું શરૂ કરતા ચણતરની દિવાલો દૂર કરી ૪૦૬ ચો.ફૂટ પાર્કિંગવાળો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં. ૩ નોંધ નં. ૨૯૧૯/૧૧/બ વાળી મિલકતમાં પરવાનગી વિના બીજા માળે રૂમ લેતા અત્રેથી ૨૪૦ ચો.ફૂટ બાંધકામ દૂર કરી રૂા. ૨૫૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ લેવમાં આવેલ છે.

(૩) વોર્ડ નં. ૧ નોંધ નં. ૩૬૦૪/બ, ૩૬૦૫/અ/૧ વાળી મિલકતમાં પાર્કીગવાળા ભાગમાં રૂમ બનાવવાનું શરૂ કરતા ચણતરની દિવાલો દૂર કરી ૧૬૪.૦ ચો.ફૂટ પાર્કીગવાળો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે.

(અ) વોર્ડ નં. ૮ નોંધ નં. ૧૭૩૯, ૧૭૪૧/અ/બ, ૧૭૭૨,૧૭૭૩ અને ૧૭૭૪ વાળી મિલકતમાં આર્કીટેકટશ્રી પ્રદિપ એસ. ચોકસી ધ્વારા પરવાનગી માટે પ્લાન અરજી રજુ કરેલ. પરંતુ પરવાનગી વિના બેઝમેન્ટનું ખોદાણ શરૂ કરતા વોર્ડ નં. ૮ નોંધ નં. ૧૭૪૬ વાળી મિલકતની દિવાલનો કેટલોક ભાગ પડી ગયેલ જેથી આર્કીટેકને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે કરેલ ખુલાસો/ રજુઆત યોગ્ય ન જણાતા આર્કીટેકટશ્રી પ્રદીપ એસ. ચોકસીને ટીડીઓ/એ.આર./૯૨ થી આપવામાં આવેલ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

(બ) વોર્ડ નં. ૨ નોંધ નં. ૨૮૮૭, વોર્ડ નં. ૨ નોંધ નં. ૨૧૬૪ અને વોર્ડ નોંધ નં. ૭૯૯/એચ વાળી મિલકતમાં એન્જીનીયર શ્રી આરીફ જી. વ્હોરા ના સુપરવીઝન હેઠળ મંજુર પ્લાન વિરૂધ્ધ ના બાંધકામો થયેલ. જે અંગે એન્જીનીયર ને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. તેમ છતાં તેઓ ઉપરોકત મંજુર પ્લાન વિરૂધ્ધ ના બાંધકામો દૂર કરાવવામાં નિષ્ફળ જતા એન્જીનીયરશ્રી આરીફ જી. વ્હોરાને ટીડીઓ / ઈ.આર થી આપવામાં આવેલ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૮ /૧૨/૨૦૦૮ નાં રોજ આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) પ્રિલીમીનરી ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), વેડરોડ હરીઓમ ડાઈંગ મીલની સામે પ્રણામી શોપીંગ સેન્ટરનાં ફસ્ટ ફલોર પર દુકાન બનાવવાના ઈરાદે શરૂ કરેલ સ્લેબનું લગભગ ૮૦૦.૦૦ ચો.ફૂટ ગેરકાયદેસર બાંધકામ ડીમોલીશન કયુ તેમજ ટેકા જપ્ત લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૨) ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), આર–૧૧ ના ગાર્ડનના રીઝર્વેશનના હેતુ માટેના સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટમાં આવેલ ત્રણ જેટલા ઝુંપડાઓ આશરે ૩૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં થયેલ દબાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ટી.પી. સ્કીમ નં. ૩ ( કતારગામ), ફા. પ્લોટ નં. ૧૩૨ પૈકી વાળી મિલકત, કતારગામ બાળાશ્રમ સર્કલ થી બોમ્બે ફુડ તરફ જતાં ૮૦.૦૦ ફુટના રોડ એલાઈમેન્ટમાં આવતા, આશરે ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તાર જગ્યાનો કબજો લઈ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

# બાળ લકવા નાબુદી અભિયાન –૨૦૦૮

બાળ લકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશનુસાર સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૧/૧૨/૨૦૦૮ થી તા. ૨૪/૧૨/૨૦૦૮ દરમ્યાન નેશનલ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૨૬૨૫ રસીકરણ કેન્દ્રો (બુથ) પર, પાંચ વર્ષ સુધીના ૪,૧૨,૦૯૭ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. જયારે કાર્યક્રમના બીજા, ત્રીજા, ચોથા દિવસે ઘરે ઘરે ફરીને ૨,૨૯,૮૨૫ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. આમ સુરત મહાનગરપાલિકા વિસ્તારના પાંચ વર્ષ સુધીના ૬,૩૦,૮૦૦ બાળકોના લક્ષ્યાંક સામે ચાર દિવસની કામગીરી મળીને કુલ ૬,૩૬,૭૮૬ બાળકોને પોલીયોની રસી પીવડાવી ૧૦૦.૯૫% સિધ્ધી હાંસલ કરવામાં આવી છે.

નેશનલ પલ્સ પોલીયો ઈમ્યુનાઈર્ઝેશન પ્રોગ્રામની કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવા માટે કાર્યક્રમમાં ભાગ લેનાર મ્યુ. પદાધિકારીઓ, સદસ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓ/ કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, સ્મીમેર મેડિકલ સ્ટુડન્ટ, સુરત જનરલ હોસ્પીટલ/ મીશન હોસ્પીટલ/ લોખાત હોસ્પીટલની નર્સ બહેનો તથા વિવિધ કોલેજોના ફીઝીયોથેરાપી સ્ટુડન્ટ, ડીએમએલટી સ્ટુંડન્ટ, પી.એસ. એચ વિભાગના કર્મચારીઓ, શહેરનાં વિવિધ મેડીકલ એસો. તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સહયોગીઓએ ભાગ લીધો.હતો. સુમુલ ડેરી, બી.એસ.એન. એલ., જી.ઈ.બી., સ્થાનિક વર્તમાનપત્રો, લોકલ ટી.વી./એફ.એમ. રેડીયો ચેનલો, સિનેમા ગુહો વિગેરે એ કાર્યક્રમમાં સહકાર આપ્યો હતો.

મોબાઈલ ટીમ ધ્વારા શોપીંગ મોલ, ચોપાટી, સીટી બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, એસ. ટી. ડેપો, રોજમદાર મજૂરોની કામચલાઉ વસાહતો, ઘરવિહોણા ફુટપાથ વાસીઓ વગેરેને આવરી લેવામાં આવ્યા હતા.

TOP

## સાઉથ –વેસ્ટ (અઠવા)ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારના કાર્યક્ષેત્ર હેઠળના નવા સમાવિષ્ટ વેસુ વિસ્તારમાં ઉધના–મગદલ્લા રોડ ઉપર ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧ (વેસુ), ના ઓ.પી. ૨૧, ના ફાયનલ પ્લોટ નંબર :૨૧ ની પૂર્વે ૧૮ મીટરના ટી.પી. રસ્તાના કપાતમાં આવતી અંદાજે ૨૧૫ ફુટ લંબાઈની કંપાઉન્ડ વોલ સહિતની અંદાજે ૩૨૨૫ ચો.ફુટની જગ્યા તા. ૨૯/૧૨/૨૦૦૮ ના રોજ ખુલ્લી કરી કબજો લેવામાં આવ્યો, જેના કારણે સ્ટોર્મ ડ્રેઈન નેટવર્ક નાંખવાનું સરળ બનશે.

ઉપરોકત કામગીરી સાઉથ–વેસ્ટ (અઠવા ) ઝોનનાં ટેકનીકલ સ્ટાફ તથા દબાણ ખાતાનો સ્ટાફ, ૧ જે.સી.બી. અને ૧ મઝદા ની મદદથી હાથ ધરવામાં આવેલ હતી.

TOP